RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 79 * Date: 10.1.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




## PM મોદી અને જર્મનીના ચાન્સેલરની મુલાકાતને પગલે ટ્રાફિક ડાયવર્ઝન

# અમદાવાદમાં ૧૨મી જાન્યુઆરીએ રિવરફ્રન્ટ રોડ રહેશે બંધ



આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ (પશ્ચિમ) ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ખાસ ઉપસ્થિત રહેવાના છે. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ, ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી નીચે મુજબનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે બંધ રહેશે.

• વાડજ સ્મશાનગૃહ કટ થી સાબરમતી રિવરફ્રન્ટ રોડ (પશ્ચિમ) થઈને આંબેડકર બ્રિજ સુધીનો બંને તરફનો માર્ગ વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે.

• વાહનચાલકો વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઈ, ઉસ્માનપુરા ચાર રસ્તા થઈ, ઈન્કમટેક્ષ ઓવરબ્રિજ મધ્યભાગ થઈ, બાટા શો-રૂમ થઈ, ડી-લાઈટ ચાર રસ્તા થઈ અને ટાઉન હોલ થઈને પાલડી ચાર રસ્તા તરફ જઈ શકશે.જોકે, આ પ્રતિબંધમાંથી કાર્યક્રમ સાથે સંકળાયેલા વાહનો, સરકારી ફરજ પરના વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, આકસ્મિક સંજોગોમાં પસાર થતા વાહનોને મુક્તિ આપવામાં આવી છે.પોલીસ કમિશનરના આ આદેશનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (મ્હજી) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## પુતિનના ઘર પર ડ્રોન હુમલાનો બદલો! રશિયાએ ઓરેશ્નિક મિસાઈલ છોડી યુક્રેનમાં તબાહી મચાવી

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે વધુ વિનાશક તબક્કામાં પહોંચ્યું છે. રશિયાએ શુક્રવારે (નવમી જાન્યુઆરી) તેની અત્યંત ઘાતક અને હાઈપરસોનિક ક્ષમતા ધરાવતી ઈન્ટરમીડિયેટ-રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (ઈમ્સ) 'ઓરેશ્નિક' (ૉજિરહૈ)થી યુક્રેન પર હુમલો કર્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયનાએ દાવો કર્યો છે કે આ હુમલો ડિસેમ્બર ૨૦૨૫માં પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે.અહેવાલો અનુસાર, રશિયાએ આ વખતે યુક્રેનના પશ્ચિમ ભાગમાં આવેલા લ્વિવ (ન્દૃૈદૃ) ક્ષેત્રને નિશાન બનાવ્યું છે. સ્ટ્રાઇ શહેર નજીક આવેલી યુક્રેનની સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગેસ સ્ટોરેજ ફેસિલિટી પર મિસાઈલ ખાબકી હતી.



## બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર હિંસા મામલે ભારતનું કડક વલણ, વિદેશ મંત્રાલયે કહ્યું- 'તાત્કાલિક કડક કાર્યવાહી કરો'

ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે (૯ જાન્યુઆરી) પ્રેસ બ્રીફિંગને સંબોધતા બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચાર પર ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે, બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. બાંગ્લાદેશમાં લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવના વધી રહી છે. સાંપ્રદાયિક ઘટનાઓને રોકવી તે ત્યાંના તંત્રની જવાબદારી છે. રણધીર જયસ્વાલે કહ્યું કે, 'અમે લઘુમતીઓ તેમજ તેમના ઘરો અને વ્યવસાયો પર ઉગ્રવાદીઓ દ્વારા વારંવાર હુમલાઓ પર સતત નજર રાખી રહ્યા છીએ. આ એક ચિંતાજનક વલણ છે. આવી સાંપ્રદાયિક ઘટનાઓનો તાત્કાલિક અને મજબૂત રીતે ઉકેલ લાવવો જરૂરી છે. આવી ઘટનાઓને વ્યક્તિગત દુશ્મનાવટ, રાજકીય મતભેદો અથવા બાહ્ય પરિબળોને જવાબદાર ઠેરવવાની વૃત્તિ ચિંતાજનક છે. આવી અજ્ઞાનતા ગુનેગારોને વધુ હિંમત આપે છે અને લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવનાને વધારે છે.'



બીજી તરફ રશિયા પાસેથી ઓઈલ ખરીદવા મામલે અમેરિકામાં આવેલા નવા બિલનો ભારતે વિરોધ કર્યો છે. અમેરિકા તે દેશો પર ૫૦૦ ટકા સુધી દંડ લગાવવાની તૈયારી કરી રહ્યું છે જેઓ રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે. જેમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે, ભારતની ઉર્જા નીતિ કોઈ દબાણમાં નહી બદલાય. વિદેશ મંત્રાલયે યુએસ કોંગ્રેસમાં રશિયન તેલની ખરીદી પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાના બિલ પર કહ્યું કે, 'અમે પ્રસ્તાવિત બિલથી વાકેફ છીએ. અમે ઘટનાક્રમ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ. ઉર્જા સ્ત્રોતોના વ્યાપક મુદ્દા પર અમારું વલણ સૌ જાણે છે. આ પ્રયાસમાં અમે બદલાતી વૈશ્વિક બજાર પરિસ્થિતિઓ અને ૧.૪ અબજ લોકોની ઉર્જા સુરક્ષા જરૂરિયાતો બંનેથી વાકેફ છીએ, ખાતરી કરીએ છીએ કે આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી સસ્તું ઉર્જા ઉપલબ્ધ છે.'પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શકસગામ ખીણમાં ચીન દ્વારા થઈ રહેલા નિર્માણકાર્ય સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે આ સંપૂર્ણ વિસ્તાર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચે ૧૯૬૩માં થયેલો કરાર ગેરકાયદે છે. ભારતે ક્યારેય આ કરારને માન્યતા નથી આપી. જમ્મુ કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે. ચીન અને પાકિસ્તાનને આ વાતથી વારંવાર જણાવવામાં આવી છે. ભારતની જમીન પર પાકિસ્તાન ગેરકાયદે કબજો કર્યો છે અને ત્યાં કોઈ પણ પ્રકારનો વિદેશ હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી.

## ગોધરાઃ ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં ગંભીર બેદરકારી; ૧૧,૦૦૦ ઉત્તરવહી તપાસ્યા વિના પરત મોકલી દેવાઈ

પંચમહાલની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી (જીય્ેં) માંથી એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. યુનિવર્સિટીના પ્રોફેસરોની ગંભીર બેદરકારીને કારણે હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર જોખમ તોળાઈ રહ્યું છે. સેમેસ્ટર-૫ ની પરીક્ષા પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ પણ હજુ સુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી, જેની પાછળનું કારણ ઉત્તરવહીઓ તપાસવામાં થયેલી આડોડાઈ હોવાનું બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ, યુનિવર્સિટીના વિવિધ પ્રોફેસરોએ અંદાજે ૧૧,૦૦૦ જેટલી ઉત્તરવહીઓ તપાસ્યા વગર જ યુનિવર્સિટીને પરત મોકલી આપી છે. આ બેદરકારીને કારણે મ્છ, મ.ર્ઝ્રદ્બ, મ્જીભ, મ.જીષ્ઠ અને ન્ન્મ્ સહિતના તમામ મુખ્ય અભ્યાસક્રમોના સેમેસ્ટર-૫ ના પરિણામો અટવાયા છે.



એક તરફ ૪૫ દિવસ વીતી ગયા હોવા છતાં પરિણામ ન મળતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. યુનિવર્સિટીની આ આંતરિક ખેંચતાણ અને પ્રોફેસરોની બેદરકારીનો ભોગ અમારે કેમ બનવું પડે? તો બીજી તરફ યુનિવર્સિટી પ્રશાસન એક્શન મોડમાં આવ્યું છે. કામમાં આળસ અને બેદરકારી દાખવનાર અધ્યાપકોને યુનિવર્સિટી દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં પરીક્ષાના પરિણામોમાં વિલંબ થવાની શક્યતાઓ વચ્ચે એક ચોંકાવનારી વિગત સામે આવી છે. યુનિવર્સિટીના કુલપતિ હરીભાઇ કટારીયાએ ઉત્તરવહીઓ તપાસ્યા વગર પરત આવવાના મામલે મહત્વની પ્રતિક્રિયા આપી છે.કુલપતિ હરીભાઇ કટારીયાએ જણાવ્યું હતું કે ઉત્તરવહીઓ તપાસ્યા વગર પરત મોકલવી તે અધ્યાપકો માટે વ્યાજબી નથી. આ પરીક્ષાનું કાર્ય દરેક અધ્યાપકની જવાબદારી છે. સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોમાં અધ્યાપકો માટે વપરાયેલા અમુક અણછાજતા શબ્દોની પણ તેમણે ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે યુનિવર્સિટી હંમેશા અધ્યાપકોને માન આપે છે. અધ્યાપકોએ ઉત્તરવહીઓ કેમ પરત કરી? શું તેઓ રજા પર હતા કે કામનું ભારણ વધી ગયું હતું? તે અંગે યુનિવર્સિટી કારણ જાણવા નોટિસ આપવાની પ્રક્રિયા પણ હાથ ધરી શકે છે.ચર્ચા દરમિયાન એવી વિગત પણ સામે આવી છે કે ઘણી સેલ્ફ-ફાઈનાન્સ કોલેજો પાસે પૂરતી લાયકાત ધરાવતા અધ્યાપકો નથી, જેના કારણે સરકારી કે ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકો પર કામનું ભારણ વધે છે અને આ વિવાદ ઉભો થયો હોય તેવી પ્રાથમિક શક્યતા છે.આ વિવાદને કારણે પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં થોડો વિલંબ થયો છે. જોકે, કુલપતિએ ખાતરી આપી છે કે અન્ય અધ્યાપકોની મદદથી કામગીરી ચાલુ છે અને આ મહિનાના અંત સુધીમાં મોટાભાગના પરિણામો જાહેર કરી દેવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી..

# નિફટી ફયુચર ૨૫૮૦૮પોઈન્ટ અતિ મહત્વની સપાટી!!!

બીએસઈ સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૪૯૬૧ સામે ૮૪૭૭૮ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૮૪૧૧૦ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો,દિવસ દરમ્યાન સરેરાશ ૮૫૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૭૮૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૪૧૮૦ પોઈન્ટ બંધ થયેલ.

નિફટી ફયુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફયુચર આગલા બંધ ૨૬૩૨૫ સામે ૨૬૧૯૦ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૫૯૬૫ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફટી ફયુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો,સરેરાશ ૨૪૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફયુચર ૨૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૯૬૫ પોઈન્ટ બંધ થયેલ.

જીઓપોલિટીકલ ટેન્શન વધતાં વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં આજે સતત ચોથા દિવસે ફંડોનું ઓફલોડિંગ થયું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દેશો કબજે કરવાની સામે વિશ્વના ઉહાપોહ-આક્રોશ છતાં ટસના મસ નહીં થતાં જીઓપોલિટીકલ ટેન્શન સતત વધી રહ્યું હોઈ વૈશ્વિક બજારોમાં સાવચેતી વચ્ચે ભારતીય શેર બજારોમાં પણ ફંડો ઈન્ડેક્સ બેઝ્ડ સતત સાવચેત રહ્યા હતા. ભારતના જીડીપી વૃદ્ધિ માટેના નાણા વર્ષ ૨૦૨૬ માટેના પ્રથમ એડવાન્સ અંદાજ ૭.૪%ના આવતાં એક તરફ પોઝિટીવ પરિબળ સામે હજુ ભારત પર ટેરિફ વધારવાની ટ્રમ્પની ચીમકીને લઈ ફંડો ઈન્ડેક્સ બેઝ્ડ નવી મોટી પોઝિશન લેવાથી દૂર રહ્યા હતા.ઓટોમોબાઈલ, ઓઈલ-ગેસ શેરોમાં વેચવાલી સામે ફંડોએ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરો તેમ જ કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી કરતાં બજારમાં મોટું ધોવાણ અટક્યું હતું.

## અમેરિકન પ્રમુખ નો મોટો દાવો!

# અમેરિકા વેનેઝુએલાના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવા માટે તૈયાર, ટ્રમ્પ કહે છે કે 'ઘણા પૈસા કમાશે'

વોશિંગટન,

વેનેઝુએલા પર હુમલા કર્યા અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને કબજે કર્યાના થોડા દિવસો પછી, યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) લેટિન અમેરિકન દેશના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવા માટે તૈયાર છે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેનાથી વોશિંગ્ટનને 'ઘણા પૈસા કમાવવામાં' મદદ મળશે. ૭૯ વર્ષીય રિપબ્લિકન નેતાએ એમ પણ કહ્યું કે યુએસ વર્ષો સુધી વેનેઝુએલા પર સીધી દેખરેખ રાખી શકે છે.

મીડિયા સ્ત્રોતો સાથે વાત કરતા, ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકા "ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે" વચગાળાના વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ અને તેમની સરકાર.




તેમણે કહ્યું કે અમેરિકન તેલ કંપનીઓ વેનેઝુએલામાં ઊર્જા માળખાનું પુનર્નિર્માણ કરશે અને લેટિન અમેરિકન દેશને 'ચાલવા' માટે અમેરિકાને 'કંઈપણ' ખર્ચ થશે નહીં.

"સમય જ કહેશે... હું ઘણો લાંબો સમય કહીશ," ટ્રમ્પે અખબારને પૂછવામાં આવ્યું કે શું વેનેઝુએલાની યુએસ દેખરેખ ત્રણ મહિના, છ મહિના, એક વર્ષ કે તેથી વધુ સમય માટે રહેશે.

"અમે તેને ખૂબ જ નફાકારક રીતે ફરીથી બનાવીશું," ટ્રમ્પે કહ્યું. "અમે તેલનો ઉપયોગ કરીશું, અને અમે તેલ લઈશું. અમે તેલના ભાવ ઘટાડી રહ્યા છીએ, અને અમે વેનેઝુએલાને પૈસા આપી રહ્યા છીએ, જેની તેમને ખૂબ જરૂર છે."

અગાઉ, એક વરિષ્ઠ યુએસ અધિકારીએ પણ કહ્યું હતું કે વેનેઝુએલા પર યુએસ દેખરેખ લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે અને વોશિંગ્ટન કારાકાસના તેલ નિકાસને અનિશ્ચિત સમય માટે નિયંત્રિત કરશે. યુએસ વેનેઝુએલાના તેલ ક્ષેત્ર પરના પ્રતિબંધો રદ કરવાની પણ યોજના બનાવી રહ્યું છે.

"અમે ફક્ત તે ક્રૂડને ફરીથી ખસેડવા જઈ રહ્યા છીએ અને તેને વેચીશું," ઉર્જા સચિવ ક્રિસ રાઈટે બુધવારે મિયામીમાં એક કોન્ફરન્સમાં જણાવ્યું હતું. "અમે વેનેઝુએલામાંથી નીકળતા ક્રૂડનું માર્કેટિંગ કરીશું - પહેલા આ બેકઅપ-અપ સંગ્રહિત તેલ અને પછી અનિશ્ચિત સમય માટે અમે વેનેઝુએલામાંથી નીકળતા ઉત્પાદનનું વેચાણ કરીશું."

# 'સંતુષ્ટ': રશિયન તેલ આયાત પર ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ વચ્ચે પોલેન્ડ ભારતને સમર્થન આપ્યું

રશિયન તેલ ખરીદવા અંગે અમેરિકા સાથે નવી દિલ્હીના મડાગાંઠ વચ્ચે પોલેન્ડે ભારતને ટેકો આપ્યો છે, જ્યારે વોર્સોએ કહ્યું છે કે તે મોસ્કોથી આયાત પર ભારતના કાપથી "સંતુષ્ટ" છે. યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયન તેલ આયાત પર ૫૦૦ ટકા સુધી દંડાત્મક કર લાદવાની શક્યતા સહિત, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સામે ફરી ધમકીઓ આપવામાં આવી છે.

"મેં મારો સંતોષ વ્યક્ત કર્યો છે કે ભારતે રશિયન તેલ આયાત ઘટાડી છે કારણ કે આ પુતિનના યુદ્ધ મશીનને બળ આપી રહ્યું છે," પોલેન્ડના વિદેશ પ્રધાન રાડોસ્લા સિકોર્સ્કીએ બુધવારે પેરિસમાં વેઈમર ત્રિકોણ જૂથ સાથે ભારતના ઉદ્ઘાટન સમારોહ પછી જણાવ્યું હતું.

વિદેશ પ્રધાન એસ જયશંકર, તેમના ફ્રેન્ચ સમકક્ષ જીન-નોએલ બેરોટ અને જર્મન પ્રતિનિધિઓ સાથે, પણ બેઠકમાં હાજર હતા. "આગામી અઠવાડિયે જ્યારે હું ભારતની યાત્રા કરીશ ત્યારે આપણે તેના પર વધુ ચર્ચા કરી શકીશું," સિકોર્સીએ વધુમાં કહ્યું.

વેઈમર ત્રિકોણ એ ૧૯૯૧ માં ફ્રાન્સ, જર્મની અને પોલેન્ડ દ્વારા રચાયેલ એક પ્રાદેશિક રાજકીય જૂથ છે જે યુરોપિયન એકીકરણ, રાજકીય સંવાદ, સુરક્ષા સહયોગ, ખાસ કરીને રશિયા અને યુક્રેન પર, તેમજ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે. તેનું નામ જર્મન શહેરના નામ પરથી રાખવામાં આવ્યું છે જ્યાં ત્રણેય પ્રથમ વખત મળ્યા હતા.

વિદેશ મંત્રી એસ જયશંકરે ફ્રાન્સના બેરોટ, જર્મન પ્રતિનિધિઓ અને પોલેન્ડના સિકોર્સ્કી સાથે ચર્ચા કરીને ભારતની પ્રથમ વેઈમર ત્રિકોણ રચનામાં ભાગ લીધો હતો.

રશિયાના તેલ પર ભારત-યુએસ તણાવ

તાજેતરના સમયમાં નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો વધુને વધુ વણસ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતકાળમાં ભારતીય આયાત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો નથી, પરંતુ એક દ્વિપક્ષીય બિલને પણ મંજૂરી આપી છે

# ૭ મહિના બાદ લાલુ યાદવને મળ્યા તેજ પ્રતાપ, બંને ભાઈ પણ આવ્યા આમને-સામને પરંતુ મુલાકાત ન કરી

રાષ્ટ્રીય જનતા દળ અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહ્યા બાદ, જનશક્તિ જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નીતીશ સરકારના પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવે દિલ્હીમાં પિતા લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી છે. અનુષ્કા યાદવ વિવાદ બાદ પિતા-પુત્ર વચ્ચે લગભગ સાત મહિના પછી આ મુલાકાત થઈ છે.દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં શુક્રવારે 'લેન્ડ ફોર જોબ' કેસમાં આરોપ ઘડવા અંગે સુનાવણી હતી. આ કેસમાં આરોપી તરીકે તેજ પ્રતાપ યાદવ પણ કોર્ટમાં





હાજર રહ્યા હતા. કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેજ પ્રતાપ સીધા તેમની બહેન મીસા ભારતીના નિવાસ્થાને પહોંચ્યા હતા, જ્યાં હાલ લાલુ પ્રસાદ યાદવ રોકાયા છે.પિતા લાલુ પ્રસાદને મળીને બહાર નીકળ્યા બાદ તેજ પ્રતાપે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, 'મેં પિતાજીના આશીર્વાદ લીધા છે અને તેમને ૧૪ જાન્યુઆરીએ પટનામાં મારા નિવાસસ્થાને આયોજિત મકર સંક્રાંતિના દહીં-ચૂડા ભોજન માટે આમંત્રણ આપ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે તેઓ મારા ભોજન સમારંભમાં જરૂર આવશે.' નોંધનીય છે કે આ ભોજન સમારંભમાં તેજ પ્રતાપે દ્ધછના અનેક નેતાઓને પણ આમંત્રણ આપ્યું છે.રસપ્રદ વાત એ છે કે, કોર્ટમાં તેજ પ્રતાપ અને તેજસ્વી યાદવ સામસામે આવ્યા હતા, પરંતુ બંને વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. જ્યારે તેજ પ્રતાપ પિતાને મળવા મીસા ભારતીના ઘરે પહોંચ્યા ત્યારે તેજસ્વી યાદવ ત્યાં હાજર નહોતા. અગાઉ ૧ જાન્યુઆરીએ તેજ પ્રતાપે પટનામાં માતા રાબડી દેવીના આશીર્વાદ પણ લીધા હતા, જે દર્શાવે છે કે તેઓ નવા વર્ષમાં પરિવાર સાથેના સંબંધો સુધારવા પ્રયત્નો કરી રહ્યા છે.

# શક્તિશાળી અમેરિકાને નાનકડાં દેશની ધમકી

ગ્રીનલેન્ડ પર નજર જમાવીને બેઠેલા અમેરિકાને ડેનમાર્કે અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે. ડેનમાર્કના રક્ષા મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, ×અમે સવાલ પૂછતા પહેલા ગોળી મારીશું.× આ આકરું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડને હાંસલ કરવા માટે સૈન્ય બળના ઉપયોગને પણ એક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડેનમાર્કના રક્ષા મંત્રાલયે કહ્યું છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર આક્રમણ કરશે, તો અમે પહેલા ગોળી ચલાવીશું અને પછી સવાલ પૂછીશું. ખાસ વાત એ છે કે, ૧૯૫૨ના સૈન્ય નિયમો હેઠળ, ડેનમાર્કના સૈનિકોને ઉચ્ચ અધિકારીઓના આદેશ વિના પણ આક્રમણખોરો પર હુમલો કરવાનો અધિકાર છે.

વ્હાઈટ હાઉસે મંગળવારે કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ ગ્રીનલેન્ડને મેળવવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે અને આ લક્ષ્ય માટે અમેરિકન સેનાનો ઉપયોગ પણ તેમના વિકલ્પોમાં સામેલ છે. નિવેદનમાં કહેવાયું છે કે ટ્રમ્પ ગ્રીનલેન્ડને આર્કટિક ક્ષેત્રમાં અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ માને છે અને તેને રશિયા તથા ચીન જેવી શક્તિઓને રોકવા સાથે જોડીને જુએ છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું, ×ટ્રમ્પે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે આર્કટિક ક્ષેત્રમાં વિરોધી શક્તિઓને રોકવા માટે ગ્રીનલેન્ડ અમેરિકા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે.×

અમેરિકાના આ વલણ સામે યુરોપના ઘણા દેશોએ સંયુક્ત નિવેદન જારી કરીને કડક વિરોધ નોંધાવ્યો છે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી, પોલેન્ડ, સ્પેન અને બ્રિટન સહિત ડેનમાર્કે કહ્યું છે કે, ×ગ્રીનલેન્ડ અહીંના લોકોનું છે અને તેનો નિર્ણય ફક્ત અહીંના લોકો જ કરશે.× કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ ડેનમાર્કને સમર્થન આપતા કહ્યું છે કે ગ્રીનલેન્ડના ભવિષ્યનો નિર્ણય માત્ર ડેનમાર્ક અને ત્યાંના લોકો જ કરશે.

આ તણાવ વચ્ચે, ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેને કહ્યું કે આ મુદ્દે ગેરસમજ દૂર કરવા માટે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે બેઠકની માંગ કરવામાં આવી છે. દરમિયાન, વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કોંગ્રેસને આપેલી બ્રીફિંગમાં સૈન્ય કાર્યવાહીની વાતને થોડી હળવી કરતા સંકેત આપ્યા છે કે તાત્કાલિક કોઈ સૈન્ય હસ્તક્ષેપની યોજના નથી અને મુખ્ય ઉદ્દેશ્ય ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડને ×ખરીદવા× પર કેન્દ્રિત છે.

# બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા હિંસા વધુ તીવ્રઃ ઢાકામાં BNP નેતા અઝીઝુર રહેમાન મુસાબ્બીની ગોળી મારીને હત્યા

ઢાકા,

બાંગ્લાદેશ પોલીસે જણાવ્યું હતું કે, મંગળવારે બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં અજાણ્યા બદમાશો દ્વારા ભૂતપૂર્વ સ્વેચ્છાસેબક દળના નેતા અઝીઝુર રહેમાન મુસાબ્બીરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા રાજકીય હિંસાની આ તાજેતરની ઘટના છે. ૧૨ ફેબ્રુઆરીએ મતદાન પહેલા આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી બાંગ્લાદેશમાં વધતી હિંસા વચ્ચે અઝીઝુર રહેમાન મુસાબ્બીરની હત્યા કરવામાં આવી છે. થોડા દિવસો પહેલા જ એક અલગ ઘટનામાં જુબો દળના નેતાને ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ પહેલા, ૧૨ ડિસેમ્બરે, ભારત વિરોધી નેતા ઉસ્માન હાદીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અઝીઝુર રહેમાન મુસાબ્બીર, જેમણે અગાઉ બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષની સ્વયંસેવક પાંખ ઢાકા મેટ્રોપોલિટન નોર્થ સ્વેચ્છાસેબક દળના મહાસચિવ તરીકે સેવા આપી હતી, તેમને ઢાકાના કારવાન બજાર વિસ્તારમાં રાત્રે ૮.૩૦ વાગ્યે (સ્થાનિક સમય) નિશાન બનાવવામાં આવ્યા હતા. ઢાકાના ભીડભાડવાળા વાણિજ્યિક વિસ્તારમાં હુમલો થયો, વિગતો આપતાં, પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આ હુમલો મધ્ય ઢાકાના ગીચ વાણિજ્યિક વિસ્તાર, બાસુંધરા સિટી શોપિંગ કોમ્પ્લેક્સની નજીક, સુપર સ્ટાર

# ગુજરાત સરકારને માનવાધિકાર પંચે નોટિસ ફટકારી

ગાંધીનગરમાં દૂષિત પીવાના પાણીના કારણે ટાયફોઈડના દર્દીઓની સંખ્યામાં વધારો થતાં રાષ્ટ્રીય માનવાધિકાર પંચ (દ્વઉઁઈઝ) દ્વારા ગુજરાત સરકારને નોટિસ ફટકારવામાં આવી છે અને પંચ દ્વારા મુખ્ય સચિવને બે અઠવાડિયામાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.ગુજરાતના આરોગ્ય વિભાગે ટાઈફોઈડના કુલ ૭૦ એક્ટિવ કેસની પુષ્ટિ કરી છે. ગાંધીનગરમાં નવી નાખવામાં આવેલી પાઈપ લાઈનમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. પાઈપ લાઈનમાં સાત જગ્યાએ લિકેજ હોવાનું જાણવા મળ્યું છે જેના કારણે



ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું છે. પંચે જણાવ્યું હતું કે, જો આ સમાચાર સાચા હોય તો તે પીડિતોના માનવાધિકારના ઉલ્લંઘનનો ગંભીર મામલો છે.આ સંદર્ભમાં પંચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી છે અને મુખ્ય સચિવને બે અઠવાડિયામાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે. જેમાં ટાયફોઈડથી પ્રભાવિત ઘરોમાં સારવાર લઈ રહેલા અને હોસ્પિટલમાં દાખલ દર્દીઓની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન રોકવા માટે લેવામાં આવેલા પગલાં અંગે જાણકારી માગવામાં આવી છેગાંધીનગરમાં ૮ જાન્યુઆરી ગુરુવારે ટાઈફોઈડના વધુ ૧૪ નવા કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સત્તાવાર રીતે ટાઈફોઈડના કેસનો આંકડો ૧૬૭ પર પહોંચ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ વધુ ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, બીજી તરફ પાણી અને ગટર લાઈનના લિકેજ શોધવામાં તંત્રની નિષ્ફળતા સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ગાંધીનગરમાં ટાઈફોઈડનો અજગરભરડોઃવધુ ૧૪ કેસ સાથે આંકડો ૧૬૭ પર પહોંચ્યો, દૂષિત પાણીની ફરિયાદો વચ્ચે તંત્રની ઢીલી નીતિ

રાજ્યના પાટનગરમાં દૂષિત પાણીના કારણે ટાઈફોઈડનો રોગચાળો દિનપ્રતિદિન ભયાનક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. ૮ જાન્યુઆરી ગુરુવારે વધુ ૧૪ નવા કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સત્તાવાર રીતે ટાઈફોઈડના કેસનો આંકડો ૧૬૭ પર પહોંચ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ વધુ ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, બીજી તરફ પાણી અને ગટર લાઈનના લિકેજ શોધવામાં તંત્રની નિષ્ફળતા સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ, સેક્ટર-૨૪, ૨૬, ૨૮, આદિવાડા અને ચૈંઢઝ



વિસ્તાર રોગચાળાના મુખ્ય કેન્દ્રો બન્યા છે. હાલ ૮૦ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે ૧૮ દર્દીઓને રજા આપવામાં આવી છે. આરોગ્ય વિભાગની ૮૫ ટીમોએ અત્યાર સુધીમાં ૬૧,૩૮૯ ઘરો અને આશરે ૨.૬૬ લાખની વસ્તીમાં સર્વેલન્સ હાથ ધર્યું છે. પાણીનું સુપર ક્લોરીનેશન કરવાની કવાયત પણ તેજ કરાઈ છે.

બીજી તરફ દહેગામ શહેરમાં પણ સ્થિતિ વણસી છે. અહીં પાણીની લાઈનમાં ૪ મોટા લિકેજ મળી આવ્યા છે. નવાઈની વાત એ છે કે દહેગામ આરોગ્ય કચેરી અને સામૂહિક કેન્દ્ર વચ્ચેના ત્રણ રસ્તા પર જ મોટું ભંગાણ સર્જાયું છે, જેના કારણે અસહ્ય દુર્ગંધ અને ગંદકી ફેલાઈ છે. જ્યારે નગરપાલિકા પ્રમુખની હાઉસિંગ વસાહતમાં પણ બે લિકેજ મળ્યા છે. તંત્રએ ૮,૧૭૧ ઘરોનો સર્વે કરી ક્લોરિનની ગોળીઓનું વિતરણ કર્યું છે.પાણીજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો હોય ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. તંત્રે દ્વારા પાણીને ૨૦ મિનિટ સુધી ઉકાળ્યા બાદ જ પીવા માટે ઉપયોગમાં લેવા કહેવાયું છે. કોર્પોરેશન દ્વારા વિતરણ કરવામાં આવતી ક્લોરિનની ગોળીઓનો પાણીમાં ચોક્કસ માત્રામાં ઉપયોગ કરો. ?ખુલ્લો કે લારી-ગલ્લાનો ખોરાક ખાવાનું ટાળો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ





NOG(835)2026

NOG સાહિત્ય સરિતા ગ્રુપ



**NOG SSNO:153**

વિષય:"મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ" "

શીર્ષક:" જિંદગી જીવવાની જડ્ડીબુટ્ટી"

પ્રકાર:ગધ્ય. શબ્દો:૧૫૯

સત્ય નું ધારણ એ મારું બંધારણ છે,જૂઠ નું મારણ તે મારાં જીવવા નું કારણ છે.તો જીવનમાં આવે સુખ તેવું મારું તારણ છે.

તમારી જીભ ની દીવાસળી થી દિલ માં પ્રેમ પ્રગટે તો તે સંબંધ,અને દિલ માં પ્રેમ સળગે તો તે બંધન.

લાગણીઓ ને આંખો માં અને હ્રુદય માં સજાવે તે મા-બાપ,લાગણીઓ ને બાહોં માં સમાવે તે પતિ- પત્ની, લાગણીઓ ને શબ્દો થી સજાવે તે કુટુંબીજનો અને મિત્રો. બાકી બધાં દેખાવ નાં ચિત્રો.

વિશ્વાસ એ જગત નો શ્વાસ છે,અવિશ્વાસ એ જગત નો ઉચ્છ્વાસ છે. અતિ વિશ્વાસ એ આપઘાત છે. અને વિશ્વાસઘાત એ ખૂન છે.

શ્રધ્ધા જ્ઞાન આપે છે, નમ્રતા માન આપે છે અને યોગ્યતા સ્થાન આપે છે. પણ જો આ ત્રણેય મળી જાય તો વ્યક્તિને દરેક જગ્યાએ સન્માન મળે છે. એકબીજાં થી મળતી હુંફ એટલે સંબંધ, એકબીજાં થી ચડતો હાંફ એટલે બંધન.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત" (અમદાવાદ )

ૠ★★★★★★

**NOG SS NO: 003**

વિષય : " મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હુંફ"

શીર્ષક : માનવ હોવાનો અર્થ

શબ્દો : ૩૧૮

મનુષ્યનું જીવન માત્ર જન્મ અને મૃત્યુ વચ્ચેનું અસ્તિત્વ નથી; તે તો સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફથી રચાયેલું એક સંવેદનશીલ સર્જન છે. આ તત્ત્વો જીવનના તાણાવાણા છે, જેમાંથી માનવતાનું સુંદર વસ્ત્ર બને છે. જ્યારે મનુષ્ય આ મૂલ્યોને આત્મસાત કરે છે, ત્યારે જીવન સામાન્ય ન રહીને અર્થસભર બની જાય છે.

સત્ય જીવનનો મૂળ સ્વર છે. સત્ય વિના મનુષ્યનું વ્યક્તિત્વ ખંડિત થાય છે. સત્ય આપણને આત્મચિંતન કરવાની શક્તિ આપે છે અને આંતરિક અવાજ સાથે જોડે છે. સત્યના માર્ગે ચાલવું સહેલું નથી, પરંતુ એ માર્ગ જ મનુષ્યને નિર્ભય અને નિર્મળ બનાવે છે. સત્યથી જ માનવના વિચારો, વાણી અને કર્મમાં એકરૂપતા આવે છે.

પ્રેમ જીવનનો પ્રાણવાયુ છે. પ્રેમ વિના જીવન નિરસ અને સૂનું બની જાય છે. પ્રેમ માતાના અખૂટ ત્યાગમાં વહે છે, પિતાના મૌન સંઘર્ષમાં ધબકે છે, મિત્રની નિષ્કપટ સાથમાં ખીલખીલાવે છે અને અજાણ્યા પ્રત્યેની માનવતા સુધી વિસ્તરે છે. પ્રેમ મનુષ્યને સ્વાર્થીતા પરથી ઉઠાવી પરમાર્થ તરફ દોરી જાય છે.

લાગણી જીવનની ધબકાર છે. લાગણીથી જ મનુષ્ય જીવંત બને છે. અન્યના દુઃખમાં ભીંજાવું અને સુખમાં ઉમંગ અનુભવું—એ જ સાચી લાગણી છે. લાગણી વિહોણું જીવન યાંત્રિક બની જાય છે, જ્યાં હૃદય ધબકે છે પરંતુ સંવેદના સૂઈ જાય છે.

વિશ્વાસ જીવનની મજબૂત ધરોહર છે. વિશ્વાસ વિના સંબંધો ખોખલા બને છે અને સપનાઓ ડગમગી જાય છે. પોતાનામાં વિશ્વાસ રાખનાર મનુષ્ય પરિસ્થિતિઓ સામે ઝૂકી જતો નથી, અને અન્ય પર વિશ્વાસ રાખનાર વિશ્વમાં સેતુ બાંધે છે.

શ્રદ્ધા જીવનને દિશા આપે છે. શ્રદ્ધા માત્ર ઈશ્વર પ્રત્યેની આસ્થા નથી, પરંતુ જીવનના મૂલ્યો અને કર્તવ્યો પ્રત્યેનો અડગ વિશ્વાસ છે. શ્રદ્ધા મનુષ્યને અંધકારમાં પણ આશાનો દીવો પ્રગટાવવા પ્રેરિત કરે છે.

હૂંફ જીવનની મીઠાસ છે. હૂંફ શબ્દોમાં ઓછું અને અનુભૂતિમાં વધુ રહે છે. એક સહાનુભૂતિભરી નજર, સ્નેહભર્યો સ્પર્શ કે સાંત્વનાનો એક શબ્દ જીવનના થાકેલા પળોને નવી શક્તિ આપે છે.

આ રીતે, સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ—આ છ તત્ત્વો મનુષ્યના જીવનને પૂર્ણતા આપે છે. જ્યારે આ મૂલ્યો જીવનમાં પ્રગટે છે, ત્યારે માનવજીવન માત્ર જીવવાનું ન રહીને એક ઉન્નત અને અર્થસભર યાત્રા બની જાય છે.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)

★★★★★★★

**N. O. G. S. S. No.0102.**

વિષય:- મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, શ્રદ્ધા, વિશ્વાસ અને હુંફ.

પ્રકાર :-ગદ્ય.શબ્દ,:-૨૫૦.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તેનો ઉછેર સમાજમાં થાય છે. સમાજમાં રહેલા માતા-પિતા, દાદા ,દાદી ,વડીલો, કુટુંબીજનો, મિત્રો, સાથીઓ વગેરેની સાથે રહીને મનુષ્ય ઘણું શીખે છે. મનુષ્યના સર્વાંગી વિકાસમાં સત્ય, પ્રેમ ,લાગણી, શ્રદ્ધા, વિશ્વાસ, હુંફ વગેરેની સતત જરૂરત હોય છે, અને તેના વિના તેનો વિકાસ અશક્ય છે.

જન્મતાની સાથે જ બાળકને ઉપરોક્ત પ્રકારની તમામ લાગણીઓ કુટુંબો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે અને તેથી જ તે ધીરે ધીરે મોટો થાય છે. મા બાપ અને સમાજ પાસેથી ઘણું બધું શીખે છે. શાળામાં જાય છે. મિત્રોને મળે છે. આગળ ભણે છે. બુદ્ધિનો વિકાસ થાય છે. ધીરે ધીરે કોલેજ જીવન શરૂ થાય છે. ઘણા બધા સાથીઓનો સાથ સહકાર તેને મળતો રહે છે. શિક્ષકો તરફથી જ્ઞાન, સમાજ તરફથી પણ ઘણું બધું તેને પ્રાપ્ત થાય છે, આ રીતે મનુષ્યના જીવનમાં શ્રદ્ધા, પ્રેમ, વગેરે ની લાગણી ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત જણાવેલા ભાવો જો મનુષ્યના જીવનમાં ન મળે તો મનુષ્યનું જીવન કોઈ વિચિત્ર રીતે બદલાઈ જાય છે. સમાજની હુંફ ,પ્રેમ ,વિશ્વાસ ન હોય તો તેને કોઈપણ વાતમાં મજા નથી આવતી. તે કોઈ એક કાર્ય સારી રીતે કરી શકતો નથી.તે વધારેમાં વધારે આવા નકારાત્મકતા તેની સામે પ્રગટ થતા તે પોતાનું સંતુલન ગુમાવે છે. સમાજમાંથી એક ગુનેગાર પેદા થાય છે. તે અનેક પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓમાં જોડાય છે. માટે જ મનુષ્યએ પોતાના જીવનમાં સત્ય ,પ્રેમ, લાગણી, વિશ્વાસ, હુંફ વગેરે યોગ્ય સમયમાં દરેકને આપવા જોઈએ અને તો જ તમને આવા પ્રકારની લાગણીઓ બીજા તરફથી પણ મળશે અને એક સુંદર સમાજનું આયોજન થઈ શકશે.

મનુષ્યના જીવનમાં પ્રેમ, લાગણી ,વિશ્વાસ, હુંફ વગેરે જેવા ગુણો ન હોવાને કારણે તેનું જીવન અધૂરું લાગે છે.

રતીલાલ વાયડા (રોડપાલી. નવી મુંબઈ.)

# સોમનાથ : એક હજાર વર્ષની શોર્યગાથાને શ્રદ્ધાંજલિ

# પ્રભાસતીર્થના ત્રિવેણી સંગમ પર શૂરવીર આત્માઓના મોક્ષાર્થે વિશેષ ધાર્મિક અનુષ્ઠાન



ભારતની આસ્થા, ગૌરવ અને સ્વાભિમાનના પ્રતીક એવા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવની પાવન ભૂમિ પર એક વખત ફરી ઈતિહાસને સ્મરણ કરતો ભાવસભર ધાર્મિક પ્રસંગ સર્જાયો. પ્રભાસતીર્થના પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ પર સોમપુરા તીર્થ પુરોહિતોના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ધાર્મિક આયોજન યોજાયું, જેમાં એક હજાર વર્ષ પૂર્વે સોમનાથની રક્ષા માટે પ્રાણન્યોચ્છાવ કરનાર શૂરવીર આત્માઓના મોક્ષાર્થે પિતૃ તર્પણ વિધિ સંપન્ન કરવામાં આવી.

ઈતિહાસની સાક્ષી : સોમનાથની રક્ષા માટે બલિદાન...

ઈતિહાસ અનુસાર, મહમદ ગજનવી દ્વારા સોમનાથ મહાદેવ મંદિર પર કરાયેલા આક્રમણ સમયે માત્ર ક્ષત્રિય વીરો જ નહીં પરંતુ સ્થાનિક ભૂદેવો અને સામાન્ય નાગરિકોએ પણ વિધર્મી સેન્ય સામે અદમ્ય સાહસ સાથે પ્રતિકાર કર્યો હતો. ધર્મ, સંસ્કૃતિ અને સ્વાભિમાનની રક્ષા માટે થયેલા આ ભયંકર સંઘર્ષમાં અસંખ્ય શૂરવીરોએ વીરગતિ પામી હતી.

આ યુદ્ધ પછી રણ મેદાનમાંથી સવા મણ જેટલી જનોઈ એકત્રિત થયાની ઐતિહાસિક નોંધો મળે છે, જે તે સમયના અસંખ્ય બલિદાનોની મૌન સાક્ષી બની આજે પણ ઈતિહાસના પાનાંઓમાં ગુંજે છે.

સ્વાભિમાન પર્વમાં ઐતિહાસિક અનુષ્ઠાન...

હાલ સોમનાથ ખાતે ઉજવાઈ રહેલા ઐતિહાસિક સ્વાભિમાન પર્વના અવસર પર, મોક્ષની પાવન ભૂમિ તરીકે માન્ય ત્રિવેણી સંગમ ઘાટ પર આ વિશેષ ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું. સવા મણ જનોઈના પ્રતીકાત્મક પિતૃ તર્પણ સાથે પિંડદાન વિધિ યોજાઈ, જેમાં શૂરવીર બલિદાનીઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.શાસ્ત્રોક્ત વિધિ અને ભાવસભર ક્ષણો...

પ્રભાસતીર્થ સોમનાથના સોમપુરા બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી હેમલચંદ્ર ભટ્ટનીના હસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સવા મણ જનોઈની પ્રતીકાત્મક તર્પણ વિધિ અને પિંડદાન કરવામાં આવ્યું. વિધિ પૂર્ણ થયા બાદ પવિત્ર ત્રિવેણી સંગમમાં પિંડ પધરાવવામાં આવ્યા, જ્યાં સમગ્ર વાતાવરણ ભક્તિ, શ્રદ્ધા અને ગૌરવની લાગણીથી ઓતપ્રોત બની ઉઠ્યું.

આ પ્રતીકાત્મક સવા મણ જનોઈને બાદમાં રાણી અહલ્યાબાઈ હોલ્કર નિર્મિત જુના સોમનાથ મહાદેવ મંદિરમાં પધરાવવામાં આવી, જે સોમનાથના પુનર્નિર્માણ અને ગૌરવશાળી ઈતિહાસની સ્મૃતિ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ ઘટના બની.સમાજની વ્યાપક ઉપસ્થિતિ...

સોમપુરા બ્રહ્મ સમાજ દ્વારા આયોજિત આ વિશેષ ધાર્મિક કાર્યમાં નગરપાલિકા પ્રમુખ શ્રીમતી પલ્લવીબેન જાની સહિત અનેક સમાજ શ્રેષ્ઠીઓ, આગેવાનો તેમજ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામે એકસાથે શૂરવીર બલિદાનીઓને સ્મરણ કરી સોમનાથના ગૌરવશાળી ઈતિહાસને નમન કર્યું.

ઈતિહાસ, આસ્થા અને સ્વાભિમાનનું સંમિલન

આ ધાર્મિક અનુષ્ઠાન માત્ર વિધિ પૂરતું ન રહી, પરંતુ સોમનાથના એક હજાર વર્ષના સંઘર્ષ, આસ્થા અને સ્વાભિમાનની જીવંત ગાથાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ બની રહ્યું. શૂરવીરોના બલિદાનને સ્મરણ કરી તેમના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને સોમનાથના ગૌરવને ફરી એકવાર નવનિર્મિત ભાવ સાથે ઉજવવામાં આવ્યું.




**સેક્ટર ૧૩/બીના શકતિ ચોકમાં યોગ્ય વિજ્ઞાન શિબિરના ત્રીજા દિવસે યોગની સાથે સાથે વૈદિક હવન કરવામાં આવ્યો હતો.**

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે અનેરો ઉત્સાહ : ગીરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ- સંતો ભગવાન સોમનાથના દર્શનાર્થે પહોંચ્યા



**સાધુ-સંતોની સોમનાથના શંખચોકથી મંદિર સુધીની પદયાત્રામાં શિવજીના પ્રિય વાધ ડમરૂના નાદનો ગુંજારવ : રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રધુમન વાજા સાધુ-સંતોની પદયાત્રામાં જોડાયા**

.........

**સાધુ-સંતો સહિતના મહાનુભાવોએ ભગવાન સોમનાથના આસ્થાભેર દર્શન કર્યા : પદયાત્રા અને સોમનાથ મંદિરમાં હર હર મહાદેવના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બન્યું**

........

**સાધુ- સંતોની પદયાત્રામાં પરંપરાગત વાધ સાથેના સિદ્ધિવિનાયક ઢોલ ગ્રુપ અને શિવ ભક્તિમય સંગીતથી સોમનાથમાં ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો**



"સામર્થ ભૂમિ" દૈનિક

રામસિંહ મોરી (ગીર સોમનાથ),

સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો છે, આજે ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતોએ સોમનાથના શંખચોકથી પદયાત્રા કરીને દેવાધિદેવ ભગવાન મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા. આ આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરતી પદયાત્રામાં રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવો જોડાયા હતા.

આ પદયાત્રામાં ગિરનાર તીર્થક્ષેત્રના ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રાનંદગીરી બાપુ, હરીહરાનંદ બાપુ સહિતના સાધુ સંતો જોડાયા હતા, આ દરમિયાન મોટી સંખ્યામાં સાધુ સંતોએ ભગવાન શિવજીના પ્રિય વાદ્ય ડમરૂના નાદનો ગુંજારવ કરીને આધ્યાત્મિક ઉર્જા પ્રસરાવી



હતી. ઉપરાંત ૭૫ જેટલા ઢોલ વાદકો સાથેના સિદ્ધિવિનાયક ઢોલ ગ્રુપે તાલબદ્ધ પ્રસ્તુતિથી અનેરો માહોલ સજર્યો હતો.

આ પદયાત્રામાં ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય, અનિરુદ્ધભાઈ દવે, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, અગ્રણી શ

ધવલભાઈ દવે, પુનિતભાઈ શર્મા, ઝવેરીભાઈ ઠકરાર સહિતના મહાનુભાવો જોડાયા હતા અને ભાવભેર ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ પદયાત્રામા દરમિયાન પુષ્પવર્ષા સાથે સાધુ સંતો અને મહાનુભાવનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રાથી સમગ્ર સોમનાથ મંદિર પરિસરમાં ભવ્ય અને દિવ્ય વાતાવરણ સર્જાયું હતું, ઉપરાંત ઉપસ્થિત ભાવિકોએ પણ સાધુ સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# કચ્છ–સૌરાષ્ટ્ર માટે નિકાસ અને રોકાણની નવી દિશાઓ: રિવર્સ બાયર્સ-સેલર મીટ દરમિયાન VGRC રાજકોટ ૧૫૦૦ થી વધુ MoUનું સાક્ષી બનશે



ગાંધીનગર, ૯ જાન્યુઆરી ૨૦૨૬: રાજકોટમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન (ફ્ચ્ઈઈ) અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ફ્ચ્ઈઞ) દરમિયાન ગુજરાતના વિકાસ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવાની તૈયારી છે. ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ (ઈમ્જીસ) અંતર્ગત ૧૫૦૦થી વધુ સમજૂતી કરાર (ર્સ઼) પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, જ્યારે ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં ૧૮૦૦થી વધુ મ્ર્મ મીટિંગ્સ યોજાશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે.

૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦ થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ ઞ્દ્બઞ સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે.

રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ (ઈમ્જીસ) સ્થાનિક સ્જીસ્ઈ, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન ૧૮૦૦ થી વધુ મ્ર્મ મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦ થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને સ્જીસ્ઈ પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે.

આ ઈવેન્ટ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, કોર્પોરેટ્સ, સરકારી વિભાગો, ઁજીંજ અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવશે.

ઉદ્યોગસાહસિકો, માર્ગદર્શકો અને સંસ્થાઓ વચ્ચે નેટર્વકિંગને પ્રોત્સાહન આપવા માટે ઉદ્યોગ મેળાનું આયોજન કરવામાં આવશે. તે સરકારી યોજનાઓ અને નીતિઓ વિશે જાગૃતિ લાવશે, નવીનતા, ઉદ્યોગસાહસિક વિકાસ અને ગુજરાતના સમૃદ્ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભાગીદારીને પ્રોત્સાહન આપશે.

આ કાર્યક્રમ ભારતની વિકાસ યાત્રામાં ગુજરાતની મુખ્ય ભૂમિકાને પુનઃપુષ્ટિ કરશે, પ્રાદેશિક સશક્તિકરણ, વૈશ્વિક સહયોગ અને ટકાઉ પ્રગતિને વધારશે, જે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સુધીના વિઝનને સાકાર કરવાનું એક પગલું છે.

# પ્રભાસ ક્ષેત્ર સોમનાથ મહાદેવ



જે જગ્યાએ સ્વયંભુ જ્યોર્તિલિંગ બિરાજમાન છે અને જગત નો ઉદ્ભવ તેમજ સંહાર તેમજ જે જ્યોર્તિલિંગ ને સમય ની સીમા જ લાગુ પડતી નથી તેવા પ્રભાસ ના શિવ એટલે સોમનાથ મહાદેવ

સોમગરા બ્રાહમણો નો અનાદિ કાળ થી પૂજા અધિકાર રહેલો છે તેવા સ્વયં શિવ ની ચંદ્ર દેવ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા પુર્વ કાળ મા થવા ને કારણે ચંદ્ર નુ અન્ય એક નામ હોવાથી સોમનાથ તરીકે પ્રસિદ્ધિ મળી છે.

સાત ગ્રહો પૈકી પહેલો વાર પણ સોમવાર એટલે કે ચંદ્ર વાર તે રીતે અન્ય ગ્રહ ના નામ ઉપરથી આપણે રોજ એક ગ્રહ ના નામ ના જીવન પર્યન્ત જાપ કરીએ છીએ. એટલે તો સનાતન હિન્દુ ધર્મ અનાદી ધર્મ છે.

પ્રભાસ ક્ષેત્ર મા અત્યારે કુલ ૧૯૫ જેટલા શિવાલય મંદિરો, ૪૫ માતાજી સ્થાન, પાંચ નદીઓ, ૫૫ તીર્થ તેમજ કુંડ, ૧૪ સૂર્ય સ્થાનો, ૦૮ ગણપતિ સ્થાન, ૧૯ વિષ્ણુ ભગવાન ના સ્થાન આવેલા છે.

વિધાર્મીઓ ના ત્રાસ ને કારણે અનેક વખત શિવાલય તેમજ કુંડ ના સ્થાન ફેર થતા રહ્યા છે પણ નાશ થઈ શક્યો નથી કારણકે બધા સ્વયં પ્રગટ છે.

ચંદ્ર દેવ દ્વારા અહિં કુલ ૪૦૦૦ વર્ષ તપ કરવા મા આવ્યું હતુ.

પ્રભાસ મા મૃત્યુ પામનાર ને ઉત્તર કે દક્ષિણ એટલે જાન્યુઆરી થી જૂન કે જૂન થી જાન્યુઆરી ના મૃત્યુ નો પણ દોષ લાગતો નથી.

કલ્પ પ્રમાણ મુજબ નામ બદલ્યા કરે છે.

અત્યારે શતઆનંદ બ્રહ્મા ના આઠમા વર્ષ ના પ્રવેશ મા પ્રથમ મન્વંતર નુ સોમનાથ નામ છે.

પ્રલય પહેલા અને પ્રલય પછી ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ મા પણ જેનો નાશ થતો નથી તે સોમનાથ મહાદેવ છે.

કુલ બાર જ્યોર્તિલિંગ છે જેમા ભગવાન શિવ પોતે એક માત્ર જ્યોર્તિલિંગ ની પૂજા કરે છે તેવું સૌ પ્રથમ એક અને માત્ર એક જ્યોર્તિલિંગ સોમનાથ જ્યોર્તિલિંગ છે.

સમુદ્ર ના એવા બિંદુ,જે જગ્યાએ થી સમુદ્ર માર્ગે સીધા જ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જોડાયેલા છે તે જગ્યા એટલે પ્રભાસ ક્ષેત્ર

એક મહમદ ગઝની નહિ કરોડો મહમદ ગઝની આવે અને એક નરેન્દ્રભાઈ મોદી નહિ કરોડો નરેન્દ્રભાઈ મોદી આવે કે જાય તો પણ જે બદલાઈ નહિ એ છે

સોમનાથ મહાદેવ

# અમદાવાદ: તંત્રની ઘોર બેદરકારીએ ૪ વર્ષના માસૂમનો જીવ લીધો, ડ્રેનેજનું ઢાંકણ પડતા બાળકનું મોત



અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા સરસપુર–રખિયાલ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારી સામે આવી છે. ડ્રેનેજની કામગીરી દરમિયાન સુરક્ષાના નિયમોને નેવે મૂકીને રસ્તા પર ખુલ્લું મુકાયેલું ભારેખમ ઢાંકણ ૪ વર્ષના બાળક પર પડતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**રમતા બાળક પર કાળ બનીને પડ્યું ઢાંકણ**

પ્રાપ્ત વિગતો અનુસાર, સારસપુર–રખિયાલ વોર્ડના સંજયનગર છાપરા વિસ્તારમાં ટેલિફોન એક્સચેન્જની ગલીમાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ગુરુવારે સવારે આશરે ૮:૩૦ વાગ્યે, મેનહોલનું અંદાજે ૧૨ ટન વજનનું ભારે ઢાંકણ કોઈ પણ જાતની સુરક્ષા વાડ કે ચેતવણી વગર અસ્થિર રીતે બાજુમાં મૂકવામાં આવ્યું હતું.આ દરમિયાન ત્યાં નજીકમાં રમી રહેલો ૪ વર્ષનો માસૂમ બાળક રેહાન યુનુસ ખાન અચાનક આ ઢાંકણ નીચે દબાઈ ગયો હતો. ઢાંકણ સીધું બાળકના માથા અને છાતીના ભાગે પડતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

**સારવાર દરમિયાન તોડ્યું દમ**

ઘટના બાદ ઈજાગ્રસ્ત રેહાનને તાત્કાલિક ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને બચાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ કમનસીબે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બાળકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. બાળકના મોતના સમાચાર મળતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

**જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ**

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર ઈકબાલ શેખ અને સામાજિક કાર્યકરો હોસ્પિટલ દોડી આવ્યા હતા. આગેવાનોએ આ ઘટનાને કોર્પોરેશનની સીધી નિષ્કાળજી ગણાવી છે. પોલીસ તપાસ અધિકારી (઼) સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે મ્દ્ગજી કલમ ૧૦૬(૧) હેઠળ જવાબદાર મ્યુનિસિપલ અધિકારીઓ સામે ગુનો નોંધવામાં આવે અને પીડિત પરિવારને યોગ્ય આર્થિક વળતર ચૂકવવામાં આવે. કામકાજના સ્થળે સુરક્ષાના કડક ધોરણોનું પાલન કરાવવામાં આવે. હાલમાં સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને લઈ શોકનો માહોલ છે. જનતામાં એક જ સવાલ પૂછાઈ રહ્યો છે કે, શું કોર્પોરેશનના અધિકારીઓની આ બેદરકારી સામે કોઈ નક્કર પગલાં લેવાશે કે ફરી કોઈ માસૂમ આવી બેદરકારીનો ભોગ બનશે?



સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે તારીખ ૯/૧/૨૬ ના રોજ( છહૈં જીટેટ્વદ્ગ રટ્ઠટ્ટિજદ્બીહં) અંતર્ગત એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં "કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩ "હેઠળ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું અત્રેની કોલેજના સિનિયર પ્રાધ્યાપક પ્રા . બુદ્ધદેવ જય ભાઈએ આ સેલનો હેતુ ,આંતરિક ફરિયાદ સમિતિ ,સ્થાનિક સમિતિ ફરિયાદ પ્રક્રિયા દંડ, વગેરે બાબતે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું ડો. વર્ષા એન ચૌધરીએ રોજબરોજના જીવનમાં મહિલાઓને જે પડકારોનો સામનો કરવો પડે છે એમાંથી એક છે 'જાતીય સતામણી' જે વિવિધ સંદર્ભમાં અને ખાસ કરીને કાર્ય સ્થળોમાં એક વ્યાપક મુદ્દો છે વિશે વિગતે વિદ્યાર્થીઓને ચર્ચા કરી હતી ઝઉઢઝ ના કન્વીનર ફરહિના શેખે સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને વિદ્યાર્થીની બહેનોને માર્ગદર્શન આપ્યું હતું

# પી.એમ.શ્રી બીલીઆંબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ ૨૦૨૫-૨૬ માં રાજ્ય કક્ષાએ આયોજિત ખો-ખો રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો

(ડાંગ માહિતી બ્યુરો): આહવા: તા: ૦૯: ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ હાલ ચાલી રહી છે. જેમાં ખો-ખો સ્પર્ધામાં ડાંગ જિલ્લાની અંડર-૧૪ ભાઈઓ ની ટીમે ગોલ્ડમેડલ મેળવી ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. રાજ્ય કક્ષા ખો-ખો ભાઈઓની સ્પર્ધા સુરેન્દ્રનગર જિલ્લાના લિમડી સ્પોર્ટસ સંકુલમાં યોજાઇ હતી. જેમાં ડાંગ જિલ્લાની અંડર-૧૪ ભાઈઓની ટીમે, લીગ મેચોમાં




આણંદ, પાટણ, સુરતસીટી, જિલ્લાની ટીમોને એકતરફી માત આપ્યા બાદ સેમીફાઈનલમાં બનાસકાંઠાની ટીમને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જેમાં સુરેન્દ્રનગરની ટીમને હરાવી ફાઈનલ જીતી લઈ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો.

ડાંગ જિલ્લાની પસંદગીની ટીમમાં પી.એમ.શ્રી બીલીઆંબા પ્રાથમિક શાળા ગુજરાતના ૧૦ ખેલાડીઓ અને જામનવિહિરી પ્રાથમિક શાળાના ૨ ખેલાડીઓની પસંદગી થઈ હતી, જેમાં ઉધ્ધ્વ દેશમુખ, અખિલ દળવી, હેત રાવત, આયુશ પવાર, રોહન માછી, મોહિત ગાવિત, વિરુ પવાર, વિશ્વાસ મોકાશી, આદર્શ ભોયે અને જેશન ગામીત બીલીઆંબા પ્રાથમિક શાળા, જ્યારે જામનવિહીર પ્રાથમિક શાળાના મયુર પવાર અને પ્રેમ પવારની પસંદગી થઇ હતી.

રાજ્ય કક્ષાએ ડાંગ જિલ્લાનું ગૌરવ વધાવનાર આ તમામ બાળકોને રમત ગમત અધિકારીની ક્ચેરી અને શિક્ષણ વિભાગ ડાંગ જિલ્લાની ક્ચેરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. સાથે શાળા પરીવાર અને એસ.એમ.સી.ના તમામ સભ્યો તથા ગ્રામજનોએ પણ આ બાળકોને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતાં.

# ૨૧૦૦ મી ધરસભા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદધામ ને આંગણે



ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું અને શ્રી સરધારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદ ધામ આયોજીત ૨૦૯૬ થી ૨૧૦૧ મી ઘરસભા ૭ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન રાત્રે ૯:૦૦ કલાકે વકતા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામિ સૌ ને રસપાન કરાવી રહ્યા છે જેમાં તા ૧૧/૦૧/૨૬ ને રવિવાર ના રોજ રાત્રે ૯ વાગ્યે ૨૧૦૦ મી ધરસભા યોજાશે તો સૌ હરિભક્તો એ લાભ લેવા હાર્દિક આમંત્રણ છે નિમંત્રક સાધુ શ્રી રંગદાસજી (મહંતશ્રી) તથા સાધુ ગુણસાગરદાસજી (કોઠારી) સ્થળ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, નાગલપર દરવાજા બોટાદ.

# ધાનેરા પંથકમાં ઓરીના વધતા કેસ લઈને આરોગ્ય વિભાગનું વ્યાપક સર્વલન્સ



ધાનેરામાં વધતા ઓરીના કેસને નિયંત્રણ લાવવા માટે આરોગ્ય વિભાગના કમિશનર અને જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ધાનેરામાં બેઠક યોજાઈ તંત્ર દ્વારા સંક્રમણને કાબુમાં મેળવવા માટે આરોગ્ય વિભાગની અલગ અલગ ટીમો બનાવી ગામડે ગામડે અને શહેરમાં ઓરી ના લક્ષણોની વિગતવાર તપાસ કરી એમના સેમ્પલ લઈ જો લક્ષણ દેખાય તો એમને તાત્કાલિક યોગ્ય સારવાર કરવી આરોગ્ય વિભાગ યુદ્ધના ધોરણે ધાનેરા તાલુકામાં કામ કરી રહ્યું છે અને વધુ સંક્રમણ ના ફેલાય એ માટે યોગ્ય સારવાર આપી રહ્યું છે

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat